# ચૈતન્યશિલ્પીની ગરિમા

## ૨

ગુણાતીત જ્યોત
વલ્લભ વિદ્યાનગર – ૩૮૮૧૨૦





## ૬૧. પૂ. દિવાળીબેન (મામી)

વ્રતધારણ દિન : ૧૯૭૦

કેન્દ્ર નંબર : ૫૨

પૂ. મામીના ભાગ્ય કે ભગવાનની કૃપાથી પ.પૂ. બેનના ઘરે જ તેમનો સાંસારિક સંબંધ જોડાયો. બેન તેમના નણંદ થાય. ઈ.સ.૧૯૩૭થી આ દિવ્ય વિભૂતિના સંપર્કમાં તેઓ આવ્યાં. તેઓ પૈસે ટકે સુખી હતા. તેમને કોઈ સંતાન ન હતું. જીવન એકદમ નિયમિત ભક્તિ ભાવવાળું અને સેવાભાવી હતું. મામા પણ તેમને સાથ આપતા હતા. બેનને જોયા ત્યારથી જ તેમના નયનોમાં અદ્‌ભુત તેજ લાગ્યું ને તેમના વિષે અનન્ય ભાવ થઈ ગયો. પહેલેથી જ બેનને ભગવાન મેળવવાની ખૂબ જ ઘેલછા, પોતાના દેહ તરફ કોઈ ધ્યાન જ ન આપે. તેથી મામીને ખૂબ લાગણી થાય ને બેનની સેવા કરવાનો ચાન્સ મળે તે કરી લે. બેન મામીને હંમેશા એક વાત કરતાં કે, ‘તમે બધુ કરજો પણ સત્સંગી આગળ રાંક રહી તેનો મહિમા સમજજો.’

૧૯૬૪માં બેન મામીના ઘરે આફ્રિકા રહેતા હતા. બેન ક્યાંક બહાર ગયા હતા ને મામી ઘરમાં એકલા હતા. મામાની તબિયત સારી ન હતી. મામી પ્રાર્થના કરતા હતા કે, ‘બાપા ! ઘરમાં આટલી બીમારી મૂકી છે પણ જો હું વિધવા થઈશ તો આખી જિંદગી મારાથી એકલું

નહીં જીવાય. તમે જ આનો ઉકેલ આપો.' એટલામાં જ બેન ઓચિંતા ઘરે આવ્યા. રાત્રે આવવાના હતા એને બદલે સાંજે ઘરે આવી ગયા ને પૂછ્યું કે 'ભાભી ! શું વિચાર કરો છો ?' મામીએ રડતાં રડતાં કહ્યું, 'બેન, હું એકલી પડીશ તો હું શું કરીશ ? કેવી રીતે જીવીશ ?'

બેન એકદમ પરભાવમાં મામીના માથે હાથ મૂકીને બોલ્યા, 'હું બેઠી છું ને. ચિંતા શાની કરો છો ? જ્યાં કાયા ત્યાં છાયા ! હું આખી જીંદગી તમને મારી સાથે રાખીશ. અડધો રોટલો હું ખાઈશ ને અડધો તમને આપીશ. તમે જ્યારે ધામમાં જશો ત્યારે હું હાજર રહીશ.' બસ આ વચનોએ મામીના અંતરમાં શાંતિ કરી દીધી.

મામા ધામમાં ગયા ત્યારે બેન વિદ્યાનગર જ્યોતમાં આવી ગયા હતા. તેમણે મામીને પત્ર લખ્યો કે, 'મામી તમે જરાય ચિંતા કરશો નહીં. બળમાં રહેજો. તમે ત્યાંનું ધીમે-ધીમે બધું સમેટીને અહીં આવી જાવ. ૧૯૬૭ની સાલમાં મામી અહીં આવ્યા પછી તેમને થોડો વખત વેસ્ટર્ન રેલવેમાં રાખ્યા. બેને પપ્પાજીનો ખૂબ મહિમા ગાયો. જીવમાં નિષ્ઠા કરાવીને જ્યોતમાં લાવ્યા. ૧૯૭૦માં પપ્પાજીએ કાષાંબરી દીક્ષા આપી. બેને તેમની બાજુની રૂમમાં જ રાખ્યા. સેવક પણ આપ્યા.

રસોડામાં નાસ્તાની ટુકડીમાં સેવા કરતા હતા. મિષ્ટાન બનાવવાની તેમની આવડત હતી. તે સમયે નાની બહેનો ભગવાન ભજવા આવી હતી. સેવા પણ ખૂબ જ હતી ત્યારે વિશાળ દિલના મામી બહેનોની મૂર્તિ લૂંટી લેતાં ને બેનનો રાજીપો મેળવતાં. તેમનું હૃદય ખૂબ પ્રેમાળ હતું. મણીબેન પટેલ સાથે આત્મીયતા થઈ ગઈ હતી. મણીબેન પણ રસોડાની સેવામાં હતા. થોડોક સમય તેમની સાથે રૂમમાં પણ રહ્યા હતા. આમ બેને પોતે આપેલું વચન પાળ્યું.

આવા મામી ટૂંકી બિમારીના અંતે પ.પૂ.પપ્પાજીના અમૃત પર્વના વર્ષે તા.૨૬.૧૦.૯૧ના રોજ અક્ષરધામ નિવાસી થયા. બેને તેમને વચન આપ્યું હતું કે 'તમે જયારે ધામમાં જશો ત્યારે હું હાજર રહીશ.' આમ બેન હાજર જ હતાં.

આવા મામીને સહુ સાધકોના હ્રદયપૂર્વકના નમન !!!



## ૬૨. પૂ. કાંતાબેન મારડીયા (કાંતીબેન)

માતાનું નામ : પૂ. રંભાબેન

પિતાનું નામ : પૂ. ભગવાનજીભાઇ

ભાઇ : પૂ. રણછોડભાઇ પૂ. હરિભાઇ

બહેન : પૂ. મુક્તાબેન (મનીબેન) , પૂ. ઈલાબેન

મૂળ ધર્મ : સ્વામિનારાયણ

જ્ઞાતિ : હિન્દુ કડવા પટેલ

અભ્યાસ : ઓલ્ડ મેટ્રીક

ભગવાનની અનુભૂતિ : ૨૯-૦૯-૧૯૬૮

વ્રતધારણ દિન : ૦૧-૦૬-૧૯૬૯

કેન્દ્ર નંબર : ૫૩

**સાધનાનું બ્રહ્મસૂત્ર : બે હાથ જોડી કહે તેમ કરવું.**

પૂ. કાંતીબેનના ઘરમાં પહેલેથી પીપલાણાનો સ્વામિનારાયણ ધર્મ હતો જ. તેઓ નાના હતા ત્યારથી તારદેવનો સંબંધ ઘરમાં હતો જ.

યોગીબાપાને ૫૧ સંતો કરવા હતા તેથી કાકાશ્રીએ ગોંડલ ડેરીનો પણ મહિમા સમજાવ્યો. તેઓ ગોંડલ સેવા કરવા જતાં ત્યારે પૂ. હરિભાઈએ કહ્યું કે, 'સેવા કરવાની પણ મંદિરમાંથી નાસ્તો માગવાનો નહીં.' એટલે ઘરેથી નાસ્તા બનાવીને લઈ જાય. પૂ. સવિબેન તારદેવ જતાં પહેલાં માણાવદર ફુઆના ઘરે તબિયતના કારણે રહેવા આવ્યા ને તેમનું વર્તન જોઈને દ્રઢતાપૂર્વક ભગવાન ભજવાનું નક્કી કર્યું. ને જ્યોતમાં આવવાનું નક્કી કર્યું તો પૂ. દીદી કહે, 'તું મેટ્રીક પાસ થઈશ તો જ તને જ્યોતમાં લઈશ.' પરંતુ એ પહેલાં જ તેમને વિદ્યાનગર બોલાવી લીધાં.

૧૯૬૮માં જ્યોતમાં સમૈયો કરવા આવ્યા ત્યારે કાજુબેન અને બેનીબેન દીદી સાથે આત્મબુધ્ધિ અને પ્રીતિથી જોડાઈ ગયા હતાં કાંતીબેનને થાય કે, આ કાજુ અને બેની એ બે મારાથી જુદાં લાગે છે તો મારે પણ આ વખતે કાંઈક લઈને જવું છે. તેમણે દીદીને કહ્યું. દીદીએ કહ્યું, 'તને આ બીજા ગ્રુપના બહેનોમાંથી કોણ ગમે છે ? તું પ્રાર્થના કર.' કાંતીબેનને થાય કે બધા જ બહેનો ગમે છે પણ સવિબેનનો પરિચય હતો એટલે તેમણે કહ્યું, 'સવિબેન.' અને તેમને સવિબેનનો સમાગમ કરવાનું કહ્યું. અને જેને લીધે તેમની સાધના ઘણી સરળ બની ગઈ. દીદીએ હરિભાઈને કહ્યું કે, 'બેની, કાંતીને અહીં રાખી લઈશું.' હરિભાઈ કહે, 'તેમના માતાપિતા સત્સંગી છે તો તમે રાજીખુશીથી તેઓને લઈ જાવ.' અને તેઓને રાજીખુશીથી ધામધૂમથી વિદાય આપી ને તેમને લેવા દીદી, મધુબેન અને સવિબેન ગયાં હતાં. જૂનાગઢથી તેઓ ટ્રેનમાં વિદ્યાનગર આવવા બેઠાં. દીદીએ ટ્રેનમાં ગુરૂહરિ પપ્પાજીનો ખૂબ મહિમા ગાયો. ત્યારે કાંતીબેનને થાય કે, અત્યાર સુધી તો જોગીબાપાનો જ મહિમા સાંભળ્યો હતો, આ કંઈક જુદું લાગે છે. આણંદ સ્ટેશને પૂ. તારાબેન બે ગાડી લઈને તેમને લેવા માટે આવ્યાં હતાં. જ્યોતના દરવાજે સ્વાગત કરીને જપયજ્ઞના હૉલમાં સ્વાગત સભા કરી. દીદીએ તેમને રસોડાની ટુકડીમાં મૂક્યા અને કહ્યું કે, '૧૮ કલાક સેવા કરીએ ત્યાં સુધી તો બોલવાનું જ નથી કે થાક લાગે છે.' રોજ પૂ. માસીબા પપ્પાજીને નાસ્તો આપવા મોકલે. પપ્પાજી કહે, 'તમે ૫૧ બહેનોનાં

લાડકાં છો, થાકી જાવ તો અહીં પ્રભુકૃપામાં મારી પાસે આવીને બેસી જવાનું.' દીદીએ આ વાત સાંભળીને કહે કે, 'પપ્પાજી તો આપણી પરીક્ષા માટે આવું કહે પણ તમે તો સૌથી નાના છો એટલે તમારે વધારે સેવા કરવાની હોય. નાના છો તો થાક શેનો લાગે ? આ ૫૧ બહેનોએ તો બે વર્ષ ખૂબ સેવા કરી છે.' આમ દીદીએ સેવાનું માહાત્મ્ય અને ખપ ઉદય કર્યો. તેમણે સમજણેયુક્ત વિશ્વાસના અંગે સાધના કરી છે.

બીજાં ગ્રુપનાં બહેનોએ તેમને આ ચાર બહેનોનું અને પપ્પાજીનું માહાત્મ્ય સમજાવી ખૂબ જતન કર્યું ને ગુરૂહરિ પપ્પાજીએ ૧૯૬૮માં જીવમાં દ્રષ્ટારૂપે સ્થાન લઇ જન્મોજનમના સુખી કરી દીધા. એકવાર કાંતીબેનને પ્રસંગ બનતાં અંતરમાં અસુખ લાગતું હતું. સેવા સાથે ખૂબ તીવ્રતાથી ભજન થતું હતું. રસોડાની સેવામાં હતાં. ત્રણ – ચાર દિવસ થઇ ગયા. ને એક દિવસ પપ્પાજીએ મંદિરમાં સભા ચાલતી હતી તે બધાને પી.કે.ની ચોકડી પાસે બહાર બોલાવ્યા ને ત્યાં સભા કરી. કાંતીબેન પણ બેઠા હતા ને પ્રાર્થના તો સાથે ચાલુ જ હતી. પપ્પાજીએ ત્યાં ગુલાબનું પુષ્પ હતું તે સૂંઘી ને કાંતીબેન પર તે પુષ્પ ફેંકતા તે મસ્તક પરથી ખોળામાં પડ્યું ને કાંતીબેનને અંદરમાં જે લડત ચાલતી હતી તેમાંથી તે બહાર નીકળી ગયા ને ફરી ક્યારેય એ વાત માટે તેમને લડત પડી નથી. તેનાથી પર થઇ ગયા. ને અંતરમાં પ્રતિતી થઇ ગઇ કે પપ્પાજી પ્રાર્થના સાંભળે જ છે. ત્રીજા ગ્રુપના બહેનોએ સેવા શીખવી. કાંતીબેને જીવનમાં પૂ. જ્યોતિબેનને આદર્શ રાખ્યા છે. તેમણે રસોડા ઉપરાંત સફાઇ, મંદિર, ભંડાર, ઉતારા વિભાગ, C.O. પર બેસવાની સેવા કરી છે. કાંતીબેન રસોડાની સેવામાં હતાં ને એકવાર સવિબેનને છાતીમાં દુઃખી ગયું એટલે તેમને આરામ કરવાનું કહ્યું ને સવિબેન જે ભંડાર, ઉતારા વિભાગની સેવા કરતાં હતાં તે માટે કાંતીબેનની પસંદગી થઇ ને તેમણે ૨૧ વર્ષ આ સેવા કરી. મુક્તો પાસે અંતરથી રાંક રહી માહાત્મ્યથી સેવા કરી મુક્તોના મૂર્તિ લૂંટારું બન્યાં છે.

કાંતીબેન મૌન અને છૂપા. છેલ્લાં કેટલાંય વર્ષોથી સવિબેનના અંતેવાસી બની સવિબેનના ભૂલકાંઓને અને સવિબેનના સમાજને સાચવી રહ્યાં છે.

આવા કાંતીબેનને અમ સહુ સાધકોના ભાવે વંદન !!!